**મે. ઓખા જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક. સાહેબની કોર્ટ, મું. – ઓખામંડળ.**

ફોજદારી કેસ નં.૫૬૯/૨૬
આંક–૦૫

ફરીયાદી– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી– પાલાભા માનણભા માણેક

**કલમ– એમ.વી. એકટ કલમ–૧૮૫ તથા**
**પ્રોહી એકટ કલમ –૬૬(૧)(બી)**

**––ચુકાદો––**

(૧) ફરીયાદપક્ષ તરફથી આરોપી સામે એમ.વી. એકટ કલમ–૧૮૫ તથા પ્રોહી એકટ કલમ –૬૬(૧)(બી) મુજબના ગુનાની ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે અને હાજર આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી તેમના વિરૂધ્ધના ગુનાની હકીકત વાંચી, સંભળાવી ગુનાની સબબની પ્લી લેતાં ઉપરોકત આરોપીએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવી, ગુના કબુલાત પુરસીસ આ કામે રજુ કરેલ છે.

(૨) સદર કામના પેપર્સ વંચાણે લીધા. કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. આરોપીની ગુનાની કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધી. નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવરચંદ હરચંદજી ઠાકોર, ૨૦૦૫ (૧), જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. સદર કામે આરોપીએ ગુનાની કબુલાત અંગે જે કારણો દર્શાવેલ તે જોતાં આરોપી ગરીબ ઈસમ છે અને તેના શીરે કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. આરોપીએ ગુના બાબતે પસ્તાવો વ્યકત કરેલ છે. કાયદાનો હેતુ ગુનાને ડામવાનો છે, ગુનેગારને ડામવાનો નથી તથા ગુનેગારને સુધરવાની તકક આપી સમાજમાં તેને સન્માન પુર્વકજીવન મળે તેવો કાયદાનો હેતુ છે તથા ઉપરોકત ચુકાદા અનુસાર આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા માટેના પુરતા ગણી શકાય તેવા કારણો છે તેમ આ કોર્ટનું માનવુ છે તેમજ આજરોજ સદર કામે આરોપીની કબુલાત તથા દયા અરજ ગ્રાહય રાખી અને કાયદાની સજા કરવા પાછળનો સુધારાત્મક હેતુ ધ્યાને રાખી આરોપીને હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>।। હુકમ ।।</u>**

આ કામના આરોપીને એમ.વી. એકટ કલમ–૧૮૫ તથા પ્રોહી એકટ કલમ –૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, એમ.વી. એકટની કલમ–૧૮૫ મુજબના ગુનાના ભંગ બદલ દંડ રૂપીયા ૨,૦૦૦/– (અંકે રૂપીયા બે હજાર પુરા) તથા કોર્ટ ઉઠતાં સુધીની સજા કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૧૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે તથા પ્રોહી એકટ કલમ –૬૬(૧)(બી) મુજબના ગુનાના ભંગ બદલ દંડ રૂપીયા ૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) મળી કુલ રૂપિયા –૨,૩૦૦/– નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૭(સાત) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ વાહન આ કામના આરોપીને નિયમોનુસાર પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૬
ઓખામંડળ.

(પંકજકુમાર શ્રીકૃષ્ણમુરારી રાય)
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઓખામંડળ
(કોડ નં.જી.જે.૦૧૪૫૦)